તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (વર્ગ-૨)ના સંવર્ગમાં બઢતી આપવા માટે ખાતાકીય બઢતી સમિતિની રચના કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/૧૬૧૦/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૧૭/૧૦/૨૦૧૭

વંચાણે લીધા-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૨૯/૦૮/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/ ૧૪૨૦૧૧/૩/ક

(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૨૦/૧૧/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/ ૧૪૨૦૧૨/૩૧૩/ક

(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૧૪/૦૩/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/ ૧૪૨૦૧૪/૧૯૮૫/લ

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ ૧૮/૦૯/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ક/કેનિ/૨૦૧૭/૯૩૩૮

આમુખઃ

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા, સુચારુ વહીવટ માટે, ડ્રોપ આઉટ રેટ ઘટાડવા તેમજ કન્યા કેળવણી પર વધારે લક્ષ આપી શકાય તેવા આશયથી તાલુકા પંચાયતમાંની તાલુકા કેળવણી નિરીક્ષક (વર્ગ-૩)ની રૂ. ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૨૦૦ના પગારધોરણવાળી ૨૨૫ જગ્યાઓ અપગ્રેડ કરીને તાલુકા કક્ષાની તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (વર્ગ-૨)ની રૂ. ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૫૪૦૦ના પગારધોરણવાળી જગ્યાઓમાં અપગ્રેડ કરી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (વર્ગ-૨)ની નવી જગ્યાઓ વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) ઉપરના આ વિભાગના તારીખ ૨૯/૦૮/૨૦૧૩ના ઠરાવથી ઉભી કરવામાં આવેલ છે અને તેને ભરવાની મંજુરી આપવામાં આવેલ છે.

૨. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (વર્ગ-૨) સંવર્ગની જગ્યાઓ તથા તે અંતર્ગત પ્રાથમિક શિક્ષણને લગતી કામગીરી કરતી અન્ય જગ્યાઓની સેવાકીય બાબત કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી પાસેથી લઇને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી હસ્તક વંચાણે લીધેલ ક્રમાંકઃ(૩) ઉપરના આ વિભાગના તારીખ ૧૪/૦૩/૨૦૧૭ના ઠરાવથી મુકવામાં આવેલ છે.

શ્રી પંચાલ

30.10.17

પૃષ્ઠ ૨ ઉપર ચાલુ....

૩. વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) ઉપરના આ વિભાગના તારીખ ૨૯/૦૮/૨૦૧૩ના ઠરાવ અન્વયે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (વર્ગ-૨)ના સંવર્ગમાં બઢતી આપવા માટે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી હેઠળ ખાતાકીય બઢતી સમિતિની રચના કરવા માટે સરકારશ્રીની મંજુરી મેળવવા વંચાણે લીધેલ ક્રમાંકઃ(૪) ઉપરના નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીના તારીખ ૧૮/૦૯/૨૦૧૭ના પત્રથી આ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી.

ઠરાવઃ

કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંકઃ(૪) ઉપરની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તારીખ ૧૮/૦૯/૨૦૧૭ની દરખાસ્તને ગ્રાહ્ય રાખીને, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (વર્ગ-૨)ના સંવર્ગમાં બઢતી આપવા માટે નીચે દર્શાવેલ માળખા મુજબની ખાતાકીય બઢતી સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | અધ્યક્ષ |
| (૨) | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | સભ્ય |
| (૩) | નાયબ સચિવ/સંયુક્ત સચિવ(પ્રાથમિક શિક્ષણ) | સભ્ય |
| (૪) | નાયબ નિયામક(ભરતી), નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી | સભ્ય સચિવ |

૪. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર વિભાગના અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ની તારીખ ૧૦/૧૦/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ નિયામક(ભરતી), નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- લ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- શાખા સિલેકટ ફાઇલ